ભરૂચના પરીએજ ગામનો સંપર્ક તૂટ્યો

૫૦થી વધુ લોકોનું સલામત સ્થળે સ્થળાંતર

ભરૂચ, ઝઘડિયા : ભરૂચ જિલ્લાના ઉપરવાસમાં થયેલા ભારે વરસાદને પગલે ભૂખી ખાડીમાં પાણીની ભારે આવક થતાં ભરૂચ નજીક આવેલા પરીએજ ગામ અને બાવા રુસ્તમ દરગાહ સહિતના નીચાણવાળા વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. પરીએજ ગામ તરફ જતા તમામ મુખ્ય માર્ગો પાણીમાં ગરકાવ થઈ જતા ગામનો અન્ય વિસ્તારો સાથેનો સંપર્ક સંપૂર્ણપણે તૂટી ગયો છે. ભૂખી ખાડીનું પાણી રસ્તાઓ પર ફરી વળતા પરીએજથી બાવા રુસ્તમ દરગાહ અને ભરૂચ તરફ જતા તમામ માર્ગો બંધ થઈ ગયા છે. આના કારણે વાહનવ્યવહાર સંપૂર્ણપણે ઠપ થઈ જતાં સ્થાનિકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

બનાવની ગંભીરતાને ધ્યાને લેતા ભરૂચના મામલતદાર માધવી મિસ્ત્રી અને સ્થાનિક વહીવટી તંત્રની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ગામમાં પૂરના પાણી પ્રવેશવાની શક્યતાને પગલે નીચાણવાળા વિસ્તારોમાં રહેતા ૫૦થી વધુ આદિવાસી લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. અધિકારીઓ દ્વારા સ્થિતિનું સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. બીજી બાજુ, ઝઘડિયા તાલુકામાં ભારે વરસાદને લઈને માધુમતી, ભુંડવા તેમજ કાવેરી સહિતની ખાડીઓ બે કાંઠે વહી રહી છે. તાલુકામાં માધુમતી ખાડી પરનો ધોલી ડેમ તેની મહત્તમ સપાટીએ પૂર્ણ ભરાતાં ઓવરફ્લો થયો હતો. જોકે, હાલમાં ખાડીમાં પાણી ઓસરતાં સ્થિતિ કંઈક અંશે સામાન્ય બની છે.

ડેડીયાપાડા તાલુકાના કંજાલ ગામે પ્રસૂતાને ઝોળીમાં લઈ જવાની ફરજ પડી

સાગબારા ,ભરૂચ :ડેડીયાપાડા તાલુકાના છેવાડાનાં કંજાલ ગામે ભર ચોમાસામાં પ્રસુતિની પીડા ઉપડતા મહિલાને પરિવાર અને ગ્રામજનો ઝોળીમાં ઊંચકીને મુખ્ય માર્ગ સુધી લઇ જવા માટે મજબુર બન્યા હતા.કઠીન સ્થિતિ એ છે કે આ ગામમાં ખુદ 108 એમ્બુલન્સ વાન, બ્રીજ અને રસ્તાનાં અભાવે ન જતા ગ્રામજનોએ દર્દીઓ માટે હાલાકી ભોગવવી પડે છે. ઇકો ડીસ્ટ્રીક્ટ નર્મદા જીલ્લો હોય એ માટે ભલે વિકાસનાં ડ્રીમ પ્રોજેક્ટો જાહેર કરાતા હોય તો પણ આજ જીલ્લામાં દર્દીઓને બચાવવા માટે ઝોળીનો ઉપયોગ કરવો પડે એ વાસ્તવિકતા છે.

કીમ કોઠવા દરગાહ

અમરાવતીમાં બીજી વખત પૂર, હજારો એકર જમીનનું ધોવાણ

તંત્રના માત્ર પોકળ આશ્વાસનોથી કંટાળી ખેડૂતોએ હવે અસ્તિત્વ બચાવવા આરપારની લડાઈના મૂડમાં

અંકલેશ્વર : અમરાવતી નદીના ઉપરવાસમાં વરસી રહેલા અનરાધાર વરસાદના પગલે નદીમાં પૂર આવ્યાં છે. એક જ મહિનામાં બીજી વખત પૂર આવવાથી ખેડૂતોની હાલત દયનીય બની છે. નર્મદા અને અમરાવતી નદીના કાંપથી તૈયાર થયેલી મહામૂલી ખેતીલાયક જમીન પાણીમાં ગરકાવ થઈ રહી છે.

અમરાવતી નદીના રૌદ્ર સ્વરૂપથી અંકલેશ્વર તાલુકાના સેંગપુર, અવાદર, દઢાલ, માંડવા અને કાંસીયા જેવા નદીકિનારે આવેલા ગામો સૌથી વધુ પ્રભાવિત થયા છે. આ ગામોના સીમ વિસ્તારોમાં ભારે ધોવાણ જોવા મળે છે. અંકલેશ્વર તાલુકાના જૂના કાસિયા અને માંડવા ગામના ખેડૂતો છેલ્લા 35 વર્ષથી એક અત્યંત વિકટ અને ગંભીર સમસ્યા સામે ઝઝૂમી રહ્યા છે.

ઉપરવાસમાં પડેલા અતિભારે વરસાદને કારણે ચાલુ વર્ષે બીજી વાર અમરાવતી નદીના ધસમસતા પ્રવાહમાં ફરી એકવાર જમીન ધોવાણ શરૂ થયું છે. સ્થાનિકોમાં ભારે રોષ વ્યાપી ગયો છે. સ્થાનિક ખેડૂતોના જણાવ્યા અનુસાર, જૂના કાસિયા અને માંડવા ગામના કાંઠે આવેલી સોના જેવી ફળદ્રુપ જમીન નદીના પાણીમાં ગરકાવ થઈ રહી છે. વારંવાર થતા આ ધોવાણને કારણે અનેક ખેડૂતો પોતાની રોજીરોટી છીનવાઈ જવાની આરે આવીને ઊભા રહી ગયા છે.

ખેડૂતોનો ગંભીર આક્ષેપ છે કે છેલ્લા સવા ત્રણ દાયકાથી જ્યારે પણ આવી પરિસ્થિતિ સર્જાય છે, ત્યારે નેતાઓ અને વહીવટી તંત્રના અધિકારીઓ માત્ર સ્થળ તપાસનું નાટક કરે છે. પોકળ આશ્વાસનની રેવડી વહેંચે છે. પછી ચાલ્યા જાય છે. નક્કર કામગીરીના નામે દર વખતે મીંડું જ સાબિત થાય છે.

આસરમા ગામમાં ભારે તબાહી, બીમાર વૃદ્ધનું ખાટલામાં રેસ્ક્યુ

ભરૂચ : કીમ નદીના વધતા જળસ્તરને કારણે હાંસોટ પાસે આવેલા આસરમા ગામમાં આજે અચાનક પૂરની સ્થિતિ સર્જાઈ હતી. અનેક ઘરો અને રસ્તાઓમાં અંદાજે ત્રણ ફૂટ સુધી પાણી ભરાઈ ગયું હતું. ગામમાં પાણી ઘૂસતાં જ હાંસોટ પોલીસ અને વહીવટી તંત્રના અધિકારીઓ બોટ સાથે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા. આપત્તિની ગંભીરતાને ધ્યાનમાં લઈને તેમણે સ્થાનિકોના સહયોગથી રાહત અને બચાવ કામગીરી શરૂ કરી દીધી હતી. દરમિયાન, ગામમાં ફસાયેલા એક બીમાર વૃદ્ધને પોલીસે ખાટલામાં ઉપાડીને સુરક્ષિત બહાર કાઢ્યા હતા.

ચોપડવાવ ડેમ ઓવરફ્લો

સાગબારા : સાગબારામાં ભારે વરસાદના કારણે સતત પાણીની આવક થતા ચોપડવાવ ડેમ છલકાય ઉઠ્યો છે. ઘોઘમાર વરસાદના કારણે ચોપડવાવ ડેમ રવિવારે બપોરે 3 કલાકે ઓવરફ્લો થયો છે. ડેમમાં પાણીની આવક સતત ચાલુ રહેતા નીચાણવાળા વિસ્તારોના ગામોને એલર્ટ કરાયા છે. ડેમમાં 44 ક્યુસેક આવક સામે 44 ક્યુસેક પાણીની જાવક ચાલુ છે. ચોપડવાવ ડેમની પૂર્ણ સપાટી 187.40 મીટર વટાવી હાલની સપાટી 187.42 મીટર નોંધાઇ છે. હાલ ડેમ 0.02 મીટરથી ઓવરફ્લો થયો છે.

અંકલેશ્વરમાં ત્રણ ઈંચ વરસાદમાં જ વોર્ડ-૧ જળબંબાકાર

પાલિકાના મોંઘાદાટ પંપ નિષ્ફળ હોવાના આક્ષેપ

અંકલેશ્વર : અંકલેશ્વર નગરપાલિકાના વોર્ડ નંબર-૧માં માત્ર ત્રણ ઈંચ વરસાદ બાદ જ અનેક સોસાયટીઓમાં બે થી ત્રણ ફૂટ સુધી વરસાદી પાણી ભરાઈ જતા સ્થાનિકોમાં ભારે રોષ ફેલાયો છે.

જલારામ નગર સહિતના વિસ્તારોમાં વરસાદના ૨૪ કલાક બાદ પણ પાણીનો ભરાવો યથાવત રહેતા રહીશોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. વરસાદી પાણીના નિકાલ માટે સ્થાપિત કરાયેલા અંદાજે રૂ. ૧૯ લાખના બુસ્ટર પમ્પિંગ સ્ટેશન સામે પણ સવાલો ઉઠી રહ્યા છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, જલારામ નગરમાં છેલ્લા ત્રણ દાયકાથી વધુ સમયથી દર ચોમાસે ડૂબાણની સમસ્યા સર્જાય છે. અનેક વખત રજૂઆતો છતાં કાયમી ઉકેલ આવ્યો નથી. પરિણામે લાખો રૂપિયાના મકાનોમાં રહેતા પરિવારોને પણ ઘરમાં ઘૂસેલા પાણી કાઢવાની ફરજ પડી રહી છે. સ્થાનિકોનું કહેવું છે કે પાલિકાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને તંત્ર સમસ્યાના નિવારણમાં નિષ્ફળ રહ્યા છે.

અંકલેશ્વરમાં ઓગસ્ટ પહેલાં જ ૯૫ ટકા રેકોર્ડ બ્રેક વરસાદ

અગાઉ વર્ષ ૨૦૧૩માં જુલાઈના અંત સુધીમાં ૧૦૦ ટકા વરસાદ નોંધાયો હતો

નીચાણવાળા વિસ્તારો અને જલારામ નગર જેવા સોસાયટીઓમાં પાણી ભરાતા જનજીવન પ્રભાવિત

અંકલેશ્વર : અંકલેશ્વર અને ભરૂચ જિલ્લામાં આ વર્ષે ચોમાસાની શરૂઆતમાં જ મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ કરી છે. ઓગસ્ટ મહિનો શરૂ થાય તે પહેલાં જ અંકલેશ્વર તાલુકામાં સિઝનનો ૯૫ ટકા જેટલો વરસાદ નોંધાઈ ચૂક્યો છે.

ઐતિહાસિક આંકડાઓ પર નજર કરીએ તો આવો વરસાદ વર્ષો પછી જોવા મળ્યો છે. ચાલુ વર્ષે ૧ લી ઓગસ્ટ સુધીમાં મોડી સાંજ સુધી અંદાજે ૭૭૫ મિમી (૯૫ ટકા) વરસાદ નોંધાઈ ચૂક્યો છે. આ અગાઉ જુલાઈના અંત સુધીમાં કે ૧ લી ઓગસ્ટ પહેલાં જ સિઝનનો ૧૦૦ ટકા (૮૦૯ મિમી) કે તેથી વધુ વરસાદ નોંધાઈ ગયો હોય તેવી ઘટના વર્ષ ૨૦૧૩માં બની હતી. આમ, લગભગ ૧૩ વર્ષના લાંબા સમયગાળા પછી અંકલેશ્વરમાં ઓગસ્ટ મહિનાની શરૂઆત પહેલાં જ સિઝનનો ૯૫ ટકા જેટલો રેકોર્ડબ્રેક વરસાદ ખાબક્યો છે.

શહેરમાં જલારામ નગર સહિતની નીચાણવાળી સોસાયટીઓમાં પાણી ભરાતાં જનજીવન આંશિક રીતે થંભી ગયું છે. બીજી તરફ, ખેતરોમાં પાણી ભરાઈ રહેતાં કપાસ, ડાંગર, તુવેર અને શાકભાજીના પાકના મૂળ કોહવાઈ જવાનું ગંભીર જોખમ ઊભું થયું છે. આ ઉપરાંત, સતત ભેજવાળા વાતાવરણના કારણે માનવીઓ તેમજ પશુઓમાં રોગચાળો ફેલાવાની પણ પૂરી શક્યતા રહેલી છે. અંકલેશ્વરના વરસાદી આંકડાકીય વિશ્લેષણ મુજબ, વર્ષ ૨૦૧૩માં ૧૦૦ ટકા (૮૦૯ મિમી) વરસાદ પડ્યો હતો, જેની સરખામણીએ ચાલુ વર્ષે ૧ લી ઓગસ્ટ સુધીમાં જ ૭૭૫ મિમી વરસાદ નોંધીને નવો રેકોર્ડ બનાવ્યો છે.

અંકલેશ્વરના યુવકનુ હૃદય વંદે ભારતમાં અમદાવાદ પહોંચ્યું

હાંસોટના અલવાગામના બ્રેઇનડેડ અતુલ પટેલના અંગદાનથી છને નવજીવન

અંકલેશ્વર : અંકલેશ્વરમાં અંગ દાનની ઘટના બાદ ઈતિહાસ રચાયો હતો,એક માનવ હૃદયને સમયસર અમદાવાદ પહોંચાડવા માટે વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને અંકલેશ્વર રેલવે સ્ટેશન પર વિશેષ સ્ટોપેજ આપવામાં આવ્યું હતું.અને ધબકતું હૃદય અમદાવાદ સુરક્ષિત રીતે પહોંચાડવામાં આવ્યું હતું.

હાંસોટ તાલુકાના અલવા ગામના 22 વર્ષીય અતુલ પટેલ માર્ગ અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા બાદ અંકલેશ્વરની જયાબેન મોદી હોસ્પિટલમાં બ્રેઈનડેડ જાહેર કરાયા હતા. દુઃખની આ ક્ષણમાં રાજ્યના મંત્રી ઈશ્વરસિંહ પટેલ અને 'ડોનેટ લાઈફ' ટીમના માર્ગદર્શન હેઠળ પરિવારે અતુલના અંગદાનનો ઐતિહાસિક નિર્ણય લીધો હતો.

પરિવારના આ મહાન નિર્ણયથી હૃદય, લિવર, બે કિડની, સ્વાદુપિંડ અને ચક્ષુઓનું દાન કરી છ જરૂરિયાતમંદ દર્દીઓને નવજીવન મળ્યું છે. હૃદયને વંદે ભારત ટ્રેન દ્વારા અમદાવાદની યુ.એન. મહેતા હોસ્પિટલ અને અન્ય અંગોને IKDRC સુધી પહોંચાડવા માટે ભરૂચ પોલીસના સંકલનથી બે ગ્રીન કોરિડોર પણ બનાવવામાં આવ્યા હતા.

"અમારો અતુલ હવે પાછો નહીં આવે, પણ તેના અંગોથી અન્યને જીવન મળે એ જ મોટી માનવસેવા છે" - પરિવારના આ શબ્દો આજે લાખો લોકો માટે પ્રેરણા બન્યા છે.

'જાહેર રસ્તો કેમ રોક્યો?, કોઇના બાપ દાદાનો નથી'

ઉમરપાડાના વનવિભાગના કર્મચારી અને મનસુખ વસાવા વચ્ચે બોલાચાલી

ખોપી ગામમાં જંગલની જમીનના ખેડાણ મુદ્દે ચાલી રહેલા આંદોલનન સમર્થનમાં સાંસદ પહોંચ્યા હતાં

સાગબારા : નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના ખોપી ગામે જંગલની જમીન પર ખેડાણના મુદ્દે આદિવાસી ખેડૂતો દ્વારા કરવામાં આવેલા રસ્તા રોકો આંદોલને તાણ ઊભી કરી છે. આ દરમિયાન ભરૂચના સાંસદ મનસુખ વસાવા ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને તેમણે વહીવટી અધિકારીઓ સાથે ઉગ્ર બોલાબોલી કરી હતી. સાંસદ વસાવાએ અધિકારીઓને સંબોધતા કહ્યું, 'આ જાહેર રસ્તો કેમ રોક્યો છે? આ કોઈ બાપદાદાનો રસ્તો નથી.' તેમના આ વાત બાદ વાતાવરણ તંગ બન્યું હતું. ખેડૂતોના સમર્થનમાં ઉતરેલા સાંસદ અને પોલીસ-વન વિભાગના અધિકારીઓ વચ્ચે તીખી બોલાબોલી થઈ હતી. આ દરમિયાન કેટલાક પોલીસ અને વનકર્મીઓએ સાંસદ વસાવા સામે અશોભનીય વર્તન અને અભદ્ર ગાળો બોલ્યા હોવાના આક્ષેપો થયા છે. જોકે, ગાળો બોલનાર કર્મીઓની ઓળખ અંગે હજુ સત્તાવાર પુષ્ટિ મળી નથી. સૂત્રો અનુસાર, નર્મદા જિલ્લાના સાગબારા વિસ્તારમાં જંગલ જમીનના હક્કને લઈને લાંબા સમયથી વિવાદ ચાલી રહ્યો છે. સાંસદ મનસુખ વસાવાએ ખેડૂતો સાથે બેઠક કરી તેમને સમર્થન આપ્યું અને જણાવ્યું કે, જ્યાં સુધી ખેડૂતોના પ્રશ્નોનો ઉકેલ નહીં આવે, ત્યાં સુધી હું તેમની સાથે અડગ ઉભો રહીશ."તેમણે આ લડત શાંતિપૂર્ણ અને અહિંસક રીતે લડવાનો સંકલ્પ પણ વ્યક્ત કર્યો હતો. આદિવાસી ખેડૂતોની માંગણીઓને લઈને તંત્ર ગંભીર બન્યું

કડોદરાના બાલાજી ગ્રીન સિટીમાં ૭૪ વર્ષીય વૃદ્ધનું છાતીમાં દુખાવા બાદ મોત

પલસાણા : મૂળ હરિયાણાના રેવાડી જિલ્લાના દહિના થાના અંતર્ગત આવતા નીમોઠ ગામના વતની અને હાલમાં સુરત જિલ્લાના કડોદરા સ્થિત પ્લોટ નંબર-૧૧, બાલાજી ગ્રીન સિટીમાં રહેતા ૭૪ વર્ષીય બિશમંબર રઘુવીરસિંહ દયાલ નિવૃત્ત જીવન ગુજારતા હતા. તારીખ ૦૧ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ બપોરે ૧૨:૩૦ વાગ્યાના અરસામાં તેમને અચાનક છાતીમાં દુખાવો થવાની ફરિયાદ ઉઠી હતી.

તેમની તબિયત લથડતા તેમના પુત્ર તરુણકુમાર બિશમંબર દયાલ (ઉંમર વર્ષ ૩૬) તેમને તાત્કાલિક સારવાર માટે પ્રથમ નજીકના ક્લિનિકમાં લઈ ગયા હતા. ત્યાંથી વધુ સારવારની જરૂરિયાત જણાતા વૃદ્ધને ચલથાણ સ્થિત સંજીવની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, હોસ્પિટલ પહોંચતા જ ફરજ પરના હાજર તબીબે તેમને તપાસીને મૃત જાહેર કર્યા હતા.

સંક્ષિપ્ત સમાચાર

સરભોણ વિભાગ સેવા સહકારી મંડળીની વાર્ષિક સાધારણ સભા સંપન્ન

સરભોણ: શ્રી સરભોણ વિભાગ સેવા સહકારી મંડળી લી.ની વાર્ષિક સાધારણ સભા શનિવારના રોજ ભુવાસણના અગ્રણી મનીષભાઈ પટેલના અધ્યક્ષસ્થાને સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી. આ બેઠકમાં રજૂ કરાયેલા એજન્ડાના તમામ કામોને હાજર સભાસદો દ્વારા સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી. સભામાં મંડળીના પ્રમુખ તુષારભાઈ નાયકે પોતાનું નિવેદન રજૂ કરતા જણાવ્યું હતું કે, 'આપણી સંસ્થા ૧૧૭ વર્ષ પૂર્ણ કરી ૧૧૮માં વર્ષમાં પ્રવેશ કરી રહી છે જે આપણા સૌ માટે ખૂબ જ ગૌરવની બાબત છે. મંડળીએ પંડિત દીનદયાળ ગ્રાહક ભંડાર (સસ્તા અનાજની દુકાન) મારફતે ગ્રાહકોને શ્રેષ્ઠ સેવા પૂરી પાડવાની સાથે રાસાયણિક ખાતર, બિયારણ અને પ્રવાહી ખાતરના વેચાણમાં હરણફાળ પ્રગતિ સાધી છે.'

માંડવી નાગરિક સહકારી બેંકની વાર્ષિક સાધારણ સભા યોજાઈ

માંડવી : ધી માંડવી નાગરિક સહકારી બેંક લિ., માંડવીની ૫૫મી વાર્ષિક સાધારણ સભા માંડવી ખાતે આવેલ પુનમવાડી ખાતે ઉત્સાહભેર માહોલમાં યોજાઈ ગઈ હતી. આ સભામાં એજન્ડામાં રજૂ કરાયેલા તમામ કામોને સભાસદો દ્વારા સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા. સભાના પ્રારંભે બેંકના ઇન્ચાર્જ ચેરમેન સ્નેહલ મોઢેરાએ સંબોધનમાં જણાવ્યું હતું કે, નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ ના અંતે બેંક દ્વારા રૂ. ૨૧૧.૮૪ કરોડનો કુલ બિઝનેસ કરવામાં આવ્યો છે અને બેંકનો ચોખ્ખો નફો રૂ. ૧.૦૩ કરોડ થયો છે.આ પ્રસંગે બેંકના મેનેજિંગ ડિરેક્ટર વિજયચંદ્ર એમ. પાઠક, બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, બેંકના CEO આસિસ્ટન્ટ મેનેજર આશુતોષ ઉપાધ્યાય કર્મચારીઓ તેમજ મોટી સંખ્યામાં સભાસદો અને શુભેચ્છકો ઉપસ્થિત રહ્યા હતા અને બેંકની ઉત્કૃષ્ટ કામગીરી બદલ સંતોષ વ્યક્ત કર્યો હતો.

બારડોલીના ઉવા પાસે અકસ્માતમાં આધેડનું માથું ચગદાઇ ગયુ

બારડોલી : સુરત જિલ્લાના બારડોલી તાલુકાના ઉવા ગામ પાસે એક અજાણ્યા વાહન ચાલકે રવિવારે સવારે સાડા સાત વાગ્યાની આસપાસ વ્યારાથી બારડોલી જતા રોડ પર આવેલા ઉવા ગામના બસ સ્ટોપની સામે અંદાજીત 50 વર્ષીય અજાણ્યા ઇસમને અડફેટે લેતા તેનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું. આ અકસ્માત એટલો ગંભીર હતો કે પીડિત વ્યક્તિનું માથું કચડાઈ ગયું હતું, ડાબો પગ કપાઈ ગયો

Milano MULTIPLEX
બારડોલી
Spider-Man:Brand New Day-2D 10:00am, 01:00pm, 04:00pm, 07:00pm, 10:00pm
Hip Hip Hurray-Gujarati 02:00pm, 06:00pm
Maaran-Gujarati - 05:00pm
Bhai Tera Star Hai - 03:30pm
Dhamaal 4 - 11:00am, 09:00pm
Jan Neta - 12:00pm, 09:30pm,
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

પલસાણા હાઈવે પર અડધો કલાકમાં જ બે અકસ્માત

એક બનાવમાં ચુપીના દેવરિયાના જ્યારે બીજામાં પ્રતાપગઢના રહેવાસીનું મોત

પલસાણાઃ સુરત જિલ્લાના પલસાણા તાલુકામાંથી પસાર થતા નેશનલ હાઈવે નંબર ૪૮ પર શુક્રવારે સાંજના સમયે માત્ર અડધા કલાકના અંતરમાં બે અલગ અલગ માર્ગ અકસ્માત સર્જાયા હતા. આ બંને ગોઝારી ઘટનાઓમાં મૂળ ઉત્તરપ્રદેશના બે યુવાનોએ પોતાના જીવ ગુમાવ્યા છે. પ્રથમ બનાવની પ્રાપ્ત વિગતો અનુસાર, ગત તારીખ ૩૧મી જુલાઈના રોજ સાંજે સાતેક વાગ્યાના અરસામાં બલેશ્વર ગામની સીમમાં ખાટુશ્યામ મીલ પાસે બોલેરો પીકઅપના ચાલક એલ્વીનભાઈ ગંગારામભાઈ અધેરા (રહે. સૌરાષ્ટ્ર ટાઉનશીપ વિભાગ-૨, પાસોદરા પાટિયા, સુરત) એ ૫૮ વર્ષીય લાલબાબુ ચથુ ઠાકુરને અડફેટે લીધા હતા. મૂળ ઉત્તરપ્રદેશના દેવરીયા જિલ્લાના અને હાલ બલેશ્વર ખાતે નોબેલ ટેક્ષ કંપનીની બાજુમાં સાદીકભાઈની ચાલમાં રહેતા લાલબાબુને માથા અને ચહેરાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું ઘટના સ્થળે જ મોત થયું હતું.

જ્યારે બીજો બનાવ આ ઘટનાના માત્ર અડધા કલાક બાદ, એટલે કે સાંજે સાડા સાત વાગ્યાના અરસામાં અમદાવાદથી મુંબઈ જતા ટ્રેક પર હિન્દુ હિમાલિયા હોટલની બાજુમાં એક ટાટા એલ.પી.ટી ૯૦૯ ટ્રકના ચાલકે રસ્તો ક્રોસ કરી રહેલા ૩૧ વર્ષીય રાકેશ શિવમુરત કોપા (મૂળ રહે. પ્રતાપગઢ, ઉત્તરપ્રદેશ)ને અડફેટે લેતા તેનું મોત થયું હતું. રાયગઢ મહારાષ્ટ્ર ખાતે રહેતા મૃતકના ભાઈની ફરિયાદના આધારે પોલીસે તપાસ શરુ કરી ટ્રક ચાલકને પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

ભરૂચ ક્રેડાઈની વાર્ષિક સભા, પ્રમુખ તરીકે નિશિધ અગ્રવાલ

ભરૂચ : ભરૂચ ક્રેડાઈ (CREDAI) ની સાપુતારા ખાતે યોજાયેલી વાર્ષિક સામાન્ય સભામાં વર્ષ 2024-26ની કાર્યકારિણીને વિધિવત વિસર્જન કરી નવી ટીમની રચના કરવામાં આવી છે. સભાએ સર્વાનુમતે નિશિધ અગ્રવાલને વર્ષ 2026-28 માટે ફરીથી પ્રમુખ અને રોહિત ચદ્દરવાલાને ચેરમેન તરીકે પસંદ કર્યા.

નિશિધ અગ્રવાલે સંબોધનમાં ભરૂચના સર્વાંગી વિકાસને આગામી બે વર્ષનો મુખ્ય એજન્ડા ગણાવ્યો. તેમણે જણાવ્યું કે, ભરૂચ જિલ્લાની તવરા, ઝાડેશ્વર, ઉમરાજ અને નંદેલાવ સહિતની તમામ 11 ટાઉન પ્લાનિંગ (ટીપી) યોજનાઓને રાજ્ય સરકારમાંથી ઝડપી મંજૂરી અપાવવા ક્રેડાઈ સક્રિય ભૂમિકા ભજવશે. ટીપી યોજનાઓના અમલીકરણથી શહેરમાં નવા માર્ગો, આધુનિક સુવિધાઓ અને રોકાણ માટે અનુકૂળ માહોલ સર્જાશે. તેમણે ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ માટે જિલ્લા વહીવટી તંત્ર, સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ અને સરકાર સાથે સંકલન કરી આયોજનબદ્ધ કામગીરી હાથ ધરવાની વાત કરી હતી.

નવી કમિટીમાં ઉપપ્રમુખ તરીકે કિરણ મજમુદાર, ખજાનચી તરીકે અલ્પેશ તોલાટ, સંયુક્ત સચિવ તરીકે કુણાલસિંહ દાયમા, સંયુક્ત ખજાનચી તરીકે નિરવ શાહ, તેમજ કમિટી સભ્યોમાં પિયુષ શાહ, મનિષ પટેલ, બાબુભાઈ પટેલ, કૌશિક સોલંકી, જિમ્મી જેમ્સ, ભાવેશ દેસાઈ અને અલ્પેશ હરિયાણીની પસંદગી કરાઈ હતી.

ભરૂચના સુલતાનપુરામાં ડહોળા પાણીથી રોગચાળાની દહેશત

વેરો વસૂલવા છતાં પંચાયત તંત્ર ઉદાસીન હોવાનો આક્ષેપ

તાત્કાલિક શુદ્ધ પીવાની પાણીની વ્યવસ્થા કરવાની ઉગ્ર માંગ ઉઠી

ભરૂચ : ભરૂચ શહેરના સુલતાનપુરા ગ્રુપ ગ્રામ પંચાયત હેઠળના અનેક વોર્ડોમાં છેલ્લા કેટલાક દિવસોથી પીવાના પાણીની જગ્યાએ ડહોળું અને દુર્ગંધયુક્ત પાણી પૂરું પાડવામાં આવી રહ્યું છે. આ ગંભીર ઘટનાથી સ્થાનિક રહીશોમાં ભારે આક્રોશ ફેલાયો છે. પાણીનો વેરો નિયમિત વસૂલતી ગ્રામ પંચાયત સામે હવે ગ્રામજનોએ સ્વચ્છ અને શુદ્ધ પાણી મેળવવા માટે ઉગ્ર લાગણી વ્યક્ત કરી છે.

મળતી માહિતી મુજબ, ગ્રામ પંચાયત દ્વારા નલ સે જળ યોજના હેઠળ નર્મદાના પાણીનો પુરવઠો આપવામાં આવે છે. પરંતુ, ચોમાસાની મોસમમાં અચાનક જ પીવાના શુદ્ધ પાણીના સ્થાને ડહોળું પાણી આવતા લોકોમાં રોગચાળો ફેલાવવાની દહેશત સર્જાઈ છે. રાજપૂત ફળિયા, થાણા ફળિયા, ખાડી ફળિયા, સુલતાનપુરા, સિનેમા ફળિયા, નવી નગરી અને રોહિત વાસ સહિતના વિસ્તારોમાં આ સમસ્યાએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે.

રહીશોનું કહેવું છે કે ઘરમાં આવતું પાણી પીવાલાયક બિલકુલ નથી, જેના કારણે તેઓ ભારે મુશ્કેલીમાં મૂકાયા છે. સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે કે અવારનવાર રજૂઆતો છતાં પંચાયત તંત્ર આ ગંભીર સમસ્યા પ્રત્યે ઉદાસીન વલણ દાખવી રહ્યું છે.